જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૧૦/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૮૬૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૯૫	૨	૧૧૬૯૭	૧૭૮૦૬	૨	૧૭૮૦૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૬	૦	૧૧૬	૩૯૩	૦	૩૯૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૨૩૭૭	૩૫	૭૨૪૧૨	૭૩૪૦૪	૩૪	૭૩૪૩૮
કુલ		૮૮૯૨૧	૩૭	૮૮૯૫૮	૯૭૮૮૫	૩૬	૯૭૯૨૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૮	૪,૯૩,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૨૮	૫,૨૮,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન

મિલકત સંબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓની સુચના હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓના માર્ગદશન હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર તથા શાહીબાગ પો.સ્ટે. વિસ્તારમાં લુંટ તથા ચોરીના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે મહેશ ઉર્ફે કટ્ટો સ/ઓ રાજુભાઈ જાતે પટણી(માનવાળા) ઉ.વ.૨૨ રહે. મ.નં.૯/૧૮૭ ઔડાના મકાન, ચામુંડા બ્રીજ નીચે, ચમનપુરા, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૯૭૩/૨૧ ઈ.પી.કો. કલમ ૩૭૯, ૧૧૪ મુજબ તથા નં.(૨) શાહીબાગ પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૧૨૧૧૨૨૪/૨૧ ઈ.પી.કો. કલમ ૩૯૨, ૧૧૪ તથા જી.પી. એકટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૩)મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩ ૩૨૧૧૦૭૭/૨૧ ઈ.પી.કો. કલમ ૩૯૨, ૫૦૬(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૫૫૧/૨૦૨૧ તા.૧૨/૧૦/૨૦૨૧ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૧૨/૧૦/૨૦૨૧ ના કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે મોકલી આપેલ છે.તા.૧૨/૧૦/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) સર્વે.સ્કોડ પો.સ.ઈ. વી.એ.હરકટ

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૬૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૯૫ લીટર દેશી દારૂ અને ૭ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૬૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાતય કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૮૬૮/૨૦૨૧**

ચાંદખેડાઃ જતીન વિષ્ણુભાઇ પટેલ (રહે. મધુરમ એક્ઝોટીકા ચાંદખેડા ગામ પાછળ ચાંદખેડા) એ તા.૧૨/૧૦/૨૦૨૧ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૧૦/૨૦૨૧ રાતના ૯/૦૦ થી તા.૦૯/૧૦/૨૦૨૧ કલાક ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લોખંડની તિજોરીનુ લોક તોડી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૬૯,૨૨૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ચૌધરી ચલાવે છે.

ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૮૬૯/૨૦૨૧**

રાણીપઃ બળદેવજી ઉર્ફે મનુજી બાબુજી ઠાકોર (ઉ.વ.૩૫) (રહે. રામજી મંદિરની ચાલી કાળીગામ જગતપુર રોડ સાબરમતી) તા.૧૨/૧૦/૨૦૨૧ કલાક ૬/૪૫ વાગ્યાના સુમારે સાબરમતી રેલ્વે પોલ નં.૭૦૩૧૭ થી ૭૦૩૧૮ વચ્ચે ગુ.રા.બોર્ડ મકાન સામે રેલવેના પાટા ક્રોસ કરતી વખતે ટ્રેનની અડફેટમાં આવતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ખુમાનસિંહ હિમ્મતસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૮૭૦/૨૦૨૧**

રામોલઃ રમણલાલ મોગજી પંચાલ (ઉ.વ.૫૫) (રહે. શ્રીનાથ હીલ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૦/૨૦૨૧ કલાક ૧૨/૦૦ થી રાતના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મણીલાલ ચંદુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.